જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૯/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૨૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૩૬૯ લીટર દેશી દારૂ, ૩૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬૪ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૯ બિયર ટીન, ૦૪ રિક્ષા, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૨૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ – **સમાચાર યાદી નં. ૧૩૨૭/૨૦૨૫**

ચાંદખેડાઃ જયાબહેન વા/ઓ પ્રકાશભાઈ રાઠોડ (ઉ.વ.૫૦)(રહે.શિલ્પ સિનરજી ફ્લેટ સીટી રત્નની પાછળ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) તા.૨૦/૦૯/૨૦૨૫ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પતિ સાથે સ્કુટી ઉપર બેસી ચાંદખેડા ન્યુ સી.જી.રોડ સોના ક્રોસ રોડ ઈશાન લક્ઝરીયા ફ્લેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ જયબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જયાબહેન રાઠોડ એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પાંડે ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં. ૧૩૨૮/૨૦૨૫**

એલીસબ્રીજઃ દેવર્ષ સ/ઓ જસવંતભાઈ મકવાણા (ઉ.વ.૨૪)(રહે.બ્લોક નં–૨૦, ડૉ.આંબેડકર કોલોની આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૯/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ધર્મેશભાઈ રમેશભાઈ ચલાવે છે.

નિકોલઃ હાર્દીક હરગોવનભાઈ દેસાઈ (ઉ.વ.૨૯)(રહે.લાલકૃષ્ણ એપાર્ટમેન્ટ, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૯/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી